ક્રમાંક:-ધ-માધ્ય/પરચ/૨૦૨૦/ 17-02-692

કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર,
બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર.
તા. ૦૧/૦૪/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
તમામ.

સંદર્ભ :-(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી કચેરી, ગાંધીનગરનો તા.૨૬/૩/૨૦૨૦ નો પત્ર
(૨) શ્રી જે.પી. પટેલ પ્રમુખશ્રી ગુજરાત રાજય આચાર્ય સંઘનો તા. ૨૫/૩/૨૦૨૦ નો પત્ર
(૩) અધ્યક્ષશ્રી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ(પાટણ)ના તા.૨૬/૩/૨૦૨૦ નો પત્ર
(૪) પ્રમુખશ્રી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ(વલસાડ)ના તા.૨૬/૩/૨૦૨૦ નો પત્ર
(૫) પ્રમુખશ્રી ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતીનો તા.૨૫/૩/૨૦૨૦ નો પત્ર
(૬) ઉપાધ્યક્ષશ્રી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના તા.૨૬/૩/૨૦૨૦ નો પત્ર
(૭) અધ્યક્ષશ્રી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના તા.૨૬/૩/૨૦૨૦ નો પત્ર
(૮) મહામંત્રીશ્રી ગુ.રા.મા. અને ઉ.મા. શાળા વહીવટી કર્મચારી મહામંડળનો તા. ૧/૦૪/૨૦૨૦નો પત્ર

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજય સરકાર નોવેલ-૧૯ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી ગુજરાત રાજયની સરકારી અને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંઘો દ્વારા સંદર્ભમાં જણાવેલ પત્રોથી આચાર્ય/શિક્ષકો/કર્મચારીઓનો એક દિવસનો પગાર,પગાર બિલમાંથી કાપી માન. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવા અંગે સહમતી આપેલ છે. જે આ મહામારીના સમયમાં માનવતા વાદી વલણ છે.

આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની રાજયની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓના શિક્ષકોના એપ્રિલ-૨૦૨૦ પેઇડ મે-૨૦૨૦ ના

Scanned with CamScanner

પગાર ચુકવણી વખતે એક દિવસના પગાર જેટલી રકમ પગાર બિલમાંથી કપાત કરવા અને આ રીતે કપાત થયેલ એક દિવસના પગારની રકમ માન. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. કપાત કરતાં અગાઉ સબંધિત કર્મચારીઓની સંમતિ SVS કક્ષાએથી મેળવી લેવાની રહેશે.

જિલ્લાવાર થયેલ કાર્યવાહીનો અહેવાલ આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પરના માન. નિયામકશ્રીના આદેશ અનુસાર.

નાયબ શિક્ષણ નિયામક (માધ્ય )
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

* અંગત સચિવશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય ,સ્વર્ણિમ સંકુલ -૧, ગાંધીનગર
* અંગત સચિવશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી (રા.ક.)નું કાર્યાલય ,સ્વર્ણિમ સંકુલ -૨, ગાંધીનગર
* સચિવશ્રી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવાલય, ગાંધીનગર
* પ્રમુખશ્રી ગુજરાત રાજય આચાર્ય સંઘ,ગુ. રા.
* પ્રમુખશ્રી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુ. રા.
* પ્રમુખશ્રી ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતી ગુ. રા.

**નકલ રવાના આ અંગેની ઘટતી કાર્યવાહી સારૂ.**

- **જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગભવન, ગાંધીનગર**

Scanned with CamScanner